Australian Government

# કોરોનાવાઇરસની બાબતમાં ખોટી માહિતી અને તથ્યો (COVID-19)

## ખોટું: બેક્ટેરિયા મારવાની કે મેલેરીયા મટાડવાની દવાથી તમે કોરોનાવાઇરસની સારવાર કરી શકો છો

**સાચું:** હજુ સુધી કોરોનાવાઇરસની કોઇ રસી કે સારવાર નથી.

આખી દુનિયામાં સંશોધકો આ વાઇરસ માટે રસી તૈયાર કરવા સખત પરિશ્રમ કરી રહ્યા છે પરંતુ આમાં કેટલો સમય લાગશે તે આપણને ખબર નથી. અંદાજે ૧૨ અથવા ૧૮ મહિના લાગશે.

સંશોધકો કોરોનાવાઇરસની સારવારમાં મદદરૂપ થાય એવી શક્યતા ધરાવતી સંધિવા, મેલેરિયા અને એચઆઇવીની દવાઓ સમેતની જુદી-જુદી દવાઓનો ઉપયોગ કરવા વિષે તપાસ કરી રહ્યા છે. તેનાથી કોરોનાવાઇરસ મટશે નહીં પરંતુ તેનાથી વાઇરસથી અરસગ્રસ્ત થતાં લોકોની સંખ્યા અને તેના રોગની ગંભીરતા કદાચ ઘટાડી શકાશે.

આથી કોરોનાવાઇરસની રસી અથવા સારવારની રાહ જોતા ના રહીએ તે મહત્વનું છે – અને આ કારણથી જાહેર સ્વાસ્થયનાં આટલા બધાં પગલાં ઓસ્ટ્રેલીયા દ્વારા અમલમાં મુકવામાં આવ્યા છે.

## ખોટું: બાળકો કોરોનાવાઇરસનાં અધિક ફેલાવો કરનારા `સૂપર સ્પ્રેડર´ છે

**સાચું:** જ્યારે સામાન્ય સંજોગોમાં બાળકો જીવાણુંઓ અને જંતુંઓનો અધિક ફેલાવો કરવા માટે જાણીતા છે, ચેપી શરદી અને તાવની બાબતમાં તો તેઓ ચોક્કસ કરી જ શકે છે, કોરોનાવાઇરસના કિસ્સામાં આવું નથી જણાતું. હજી સુધી તો નથી જ. આખા વિશ્વમાં ક્યાંય એવી માહિતી નથી કે જે દર્શાવતું હોય કે બાળકો દ્વારા આ વાઇરસનો મોટો ફેલાવો થયો હોય. અમે આને નકારી નથી રહ્યા. તે શક્ય છે. પરંતુ બધા જ પૂરાવા દર્શાવે છે કે કોરોનાવાઇરસ માટે તેઓ અધિક ફેલાવો કરનારા નથી.

## ખોટું: ઓસ્ટ્રેલીયા પૂરતાં દાક્તરી સાધનો અને સામગ્રીઓ મેળવી શકે તેમ નથી (વેન્ટીલેટર્સ, માસ્ક્સ, તપાસ કરવા માટેની ટેસ્ટીંગ કીટ્સ)

**સાચું:** દર્દીઓને અને ખાસ કરીને તેમની સારવાર કરનારા આરોગ્ય કામદારોને સરળ સંદેશ છે, કે –

હા, ઓસ્ટ્રેલીયા પાસે આ વિશ્વવ્યાપી રોગ સામે લડવાનાં પૂરતાં સાધનો છે. જોકે, તપાસ માટેનાં તમામ સાધનોની આખા વિશ્વમાં માંગ, પૂરવાઠા અને ઉત્પાદન ક્ષમતા કરતાં ખૂબ જ વધુ હોવાથી, ખેંચ છે.

કર્મચારીઓ વિશ્વાસ રાખે કે અમે વ્યક્તિગત રક્ષણાત્મક સાધનો નિરંતર લાવતા રહીએ છીએ, જેથી કરીને, દર્દીઓ શક્ય હોય તેવી ઉત્તમ સારવાર મેળવી શકે. ઉદાહરણ તરીકે, આરોગ્યને લગતા સાધનોનાં રાષ્ટ્રીય જથ્થામાં ૧૦ મિલિયન કરતાં વધુ માસ્ક છે. ઓસ્ટ્રેલીયાની સરકાર વધારાનાં માસ્ક મેળવવા કાર્યરત છે જેથી આરોગ્ય સંબંધી સાધનોના રાષ્ટ્રીય જથ્થામાં પૂરતો જથ્થો જળવાય રહે, અને ઓસ્ટ્રેલીયા પાસે, જેમ જેમ વિશ્વવ્યાપી રોગ ફેલાતો જાય તેમ તેમ, અમારાં આરોગ્ય કર્મચારીઓને જરૂરી ટેકો આપવા પૂરતાં વ્યક્તિગત રક્ષણાત્મક સાધનો હોય. આમાં દેશની અંદર ઉત્પાદનની ક્ષમતા અને જથ્થો વધારવાનો પણ સમાવેશ થાય છે.

સામાન્યરીતે ઓસ્ટ્રેલીયામાં ૨,૨૦૦ વેન્ટીલેટરવાળા હોસ્પિટલના ખાટલા છે. છેલ્લા છ અઠવાડિયામાં નિશ્ચેતનકર્તા યંત્રોને અને બીજા સાધનોની ઉપયોગીતામાં ફેરફાર કરીને હવે આપણી પાસે ૪,૪૦૦ વેન્ટીલેટરવાળા ખાટલા છે અને અમે તેને ૭,૫૦૦ સુધી વધારવાની કોશિષ કરી રહ્યા છીએ. એપ્રિલની શરૂઆતમાં કોરોનાવાઇરસ લાગવાથી ઇન્ટેનસીવ કેર યુનિટમાં હોય અને વેન્ટીલેટરની જરૂર હોય તેવા દર્દીઓની સંખ્યા ૨૦ હતી.

તેમની, કિસ્સાઓના તપાસની માર્ગદર્શીકાની પુન:આકારણી કરવા કોમ્યુનીકેબલ ડીસીઝ નેટવર્ક (ચેપી રોગોનું પ્રસારણ કેન્દ્ર) ઓસ્ટ્રેલીયા, રોજ મંત્રણા કરે છે, જેથી ફક્ત આવશ્યક કિસ્સાઓમાં જ તપાસ કરવામાં આવે.

## ખોટું: કોરોનાવાઇરસને લીધે વધતી માંગને ઓસ્ટ્રેલીયાની હોસ્પિટલો પહોંચી નહીં વળે

**સાચું:** કોરોનાવાઇરસ સામે ઓસ્ટ્રેલીયાની સરકારી અને ખાનગી હોસ્પિટલો ભેગી થઇને લડી રહી છે.

ઓસ્ટ્રેલીયાની કેન્દ્ર સરકાર, રાજ્યોની અને શાસિત પ્રદેશોની સરકારો અને ખાનગી હોસ્પીટલો વચ્ચેની ઐતિહાસિક ભાગીદારીના પરિણામે રાષ્ટ્રીય સ્તરે વધુ ૩૪,૦૦૦ ખાટલા અને ૧૦૫,૦૦૦ આરોગ્ય કર્મચારીઓ કોરોના સામેની લડતમાં ઉપલબ્ધ થશે.

ખાનગી ક્ષેત્રો તેમના સાધનો, ખાટલા, સામગ્રીઓ અને કર્મચારીઓ સાર્વજનિક તંત્રમાં પૂરક થવા ઉપલબ્ધ કરીને બધા જ દર્દીઓને હોસ્પીટલની સેવાઓ પૂરી પાડશે.

તેઓ લૉંગ-સ્ટે પબ્લીક હોસ્પિટલ નેશનલ ડીસએબિલીટી ઇન્શોરન્સ સ્કીમમાં ભાગ લેનારાઓ અને વૃદ્ધાશ્રમનાં દર્દીઓ અને સામાન્ય જરૂરીયાતનાં દર્દીઓની જરૂરિયાતો પૂરી પાડવામાં પણ ટેકો આપતાં રહેશે.

આ ભાગીદારી, ઓસ્ટ્રેલીયાના વિશ્વસ્તરના આરોગ્ય તંત્રની બધી સાધનસામગ્રી આ વિશ્વવ્યાપી રોગ દરમ્યાન દર્દીઓને જરૂરિયાત મુજબ સારવાર આપવા તૈયાર અને કેન્દ્રીત રહેશે તે સુનિશ્ચિત કરશે.

## ખોટું: બે અઠવાડિયાનું બંધ કોરોનાવાઇરસને ફેલાતો અટકાવશે

**સાચું:** બે-ત્રણ અઠવાડિયાનું નિયંત્રણ લાદી અને પછી તે ઉઠાવી લઇને આપણાં રોજીંદા જીવનમાં પાછા ફરવાથી કોરોનાવાઇરસ ફેલાતો અટકશે નહીં.

ફક્ત બે જ અઠવાડીયાનું બંધ રાખવામાં જોખમએ છે કે, પછી કોરોનાવાઇરસ પાછો ફેલાવોનો શરૂ થશે અને કદાચ પહેલા કરતાં વધુ આક્રમકતાથી ફેલાશે.

અમુક લોકો પુછે છે કે, કેમ આપણે બીજા દેશોની જેમ સંપૂર્ણબંધ નથી લાદતાં. આનો જવાબ એ છે કે બીજા દેશો જેમકે ઇટાલી, સ્પેન અને ઇરાન અને ચીનનું વુહાન શહેર કે જ્યાં આ રોગચાળો શરૂ થયો તેમના કરતાં આપણે વળાંકની આગળ રહ્યા છીએ.

આ બધા દેશોનાં આરોગ્ય નિષ્ણાતોને શું થઇ રહ્યું છે તેનો ખ્યાલ આવ્યો ત્યાં સુધીમાં કોરોનાવાઇરસ કાબુ બહાર થઇ ગયો હતો અને દાવાનળની જેમ ફેલાઇ રહ્યો હતો. આ કારણથી આ દેશોની હોસ્પિટલોને રોગના ગંભીર ચિન્હોવાળા દર્દીઓની માંગને પહોંચીવળવામાં તકલીફ પડી છે.

અમારા આરોગ્ય નિષ્ણાતો રોજેરોજ નવા થઇ રહેલ કેસની સંખ્યા ઉપર અને ચેપ ક્યાં લાગી રહ્યો છે, તેના પર ધ્યાન રાખતા રહેશે. ત્યારપછી તે પૂરાવાઓના આધાર પર તેઓ કોઇ નવા નિયમો કે નિયંત્રણોને અમલમાં લાવવાની જરૂર હશે તો ભલામણ કરશે. દરેક વ્યક્તિએ હાલમાં લાગુ પડતાં નિયંત્રણો વિષે www.australia.gov.au. પરથી જાણકાર રહેવું જોઇએ.

## ખોટું: બધાની તપાસ કરવાથી કોરોનાવાઇરસને ફેલાતો અટકાવાશે

**સાચું:** તપાસ કરવાથી કોરોનાવાઇરસ ફેલાતો અટકે નહિં.

બીજા કોઇપણ વાઇરસની જેમ COVID-19 એક વ્યક્તિથી બીજા વ્યક્તિમાં ફેલાય છે. ફક્ત હર સમયે સામાજિક અંતર રાખીને અને જો તબિયત સારી ન હોય તો ઘરમાં અલગ રહીને જ આ વાઇરસને ફેલાતો અટકાવી શકાય છે.

જેને COVID-19 નાં ચિન્હો જણાતાં હોય તેમની ખાતરી કરવા તપાસ કરવાથી, અમને આ રોગ ક્યાંથી ફેલાઇ રહ્યો છે તે શોધવામાં અને તેનો ચેપ લાગતો ઘટાડવામાં મદદ મળે છે. જો અમને ખબર હોય કે

તે કોને લાગ્યો છે તો તે વ્યક્તિ જાતે બધાથી અલગ-દૂર રહી શકે છે અને તેઓ કોના સંપર્કમાં આવ્યા હતાં તેની ભાળ અમે મેળવી અને વધુ ચેપ લાગવાનું જોખમ ઘટાડી શકીએ છીએ.

જોકે COVID-19 ની તપાસ નકારાત્મક આવવાનો એ અર્થ નથી કે તમે તમારી જાતને કે બીજાને જોખમકારક નથી. ચેપ લાગ્યા પછી પરંતું તમને તેના લક્ષણો દેખાવાનાં શરૂ થાય તે પહેલા તમારી COVID-19ની તપાસ નકારાત્મક આવી શકે છે. આજે તમારી તપાસ નકારાત્મક આવે અને બીજા દિવસે તમને COVID-19 લાગી પણ શકે છે. તેથી સારી સ્વચ્છતા જાળવવી અને વ્યક્તિઓ વચ્ચે અંતર રાખવું અને અનિવાર્ય સંજોગો સિવાય ઘરમાં જ રહેવું ખૂબ જ મહત્વનું છે. આનાથી ફક્ત COVID-19 જ નહિં પણ બીજા રોગો પણ ફેલાતા અટકશે જેથી આપણી આરોગ્ય સેવાઓની માંગ ઘટશે.

## ખોટું: તપાસનાં સાધનો સચોટ નથી

**સાચું:** હાલની COVID-19ની તપાસ પ્રક્રિયા (પોલીમર્ઝ ચેઇન રીએક્શન (પીસીઆર)) નામક ન્યુક્લિક એસિડમાં વૃદ્ધિની પ્રક્રિયાનો ઉપયોગ કરે છે જે અત્યંત સચોટ છે. આ તપાસમાં આરોગ્ય પ્રબંધક વ્યક્તિના ગળા અને નાકમાંથી રૂના ગઠ્ઠા પર નમૂનો લે છે. હાલમાં તપાસના દરેક ભાગનાં સાધનો પરદેશમાં ખાસ કરીને યુરોપ અને એશિયામાં બને છે. જ્યારે તપાસનાં સાધનો જુદા જુદા પૂર્વઠા પૂરા પાડનારાઓ પાસેથી આવે છે અને જુદાં જુદાં રાજ્યો અને શાસિતપ્રદેશોની જુદી જુદી પ્રયોગશાળાઓ જુદા જુદા તપાસનાં સાધનોનો ઉપયોગ કરે છે, ત્યારે મહત્વની વાતએ છે કે તે બધા એકજ સરખી તપાસ પદ્ધતિ ઉપયોગમાં લે છે. વૈશ્વીક માંગ પૂરવઠા અને ઉત્પાદન ક્ષમતા કરતાં ખૂબ જ વધી જવાથી તપાસને લગતાં બધા જ સાધનોના પૂરવઠાની તંગી છે. પોઇન્ટ ઓફ કેર એન્ટીબોડી નામની તપાસ પદ્ધતિ નિદાન માટે સચોટ નથી અને તેથી તે હેતુ માટે તેની ભલામણ કરવામાં આવતી નથી.

ઓસ્ટ્રેલીયાની સરકાર પબ્લીક હેલ્થ લેબોરેટરી નેટવર્ક મારફતે પ્રયોગશાળાઓ અને પૂરવાઠો પૂરો પાડનારાઓ સાથે મળીને પૂરવઠો મેળવવા અને શક્ય વૈકલ્પિક પૂરવાઠા માટે કામ કરી રહી છે જેથી ઓસ્ટ્રેલીયાની વાઇરસની તપાસ કરવાની ક્ષમતા અને જથ્થો જળવાય રહે.

*ઓસ્ટ્રેલીયાની સરકારના COVID-19ના પ્રતિસાદમાં થયેલ મુખ્ય પ્રગતિ વિષે માહિતગાર રહેવા આ વેબસાઇટ ઉપર નિયમિત આવતા રહેશો.*

*SBS પર પણ તમારી ભાષામાં COVID-19 વિષયક ઘણી માહિતી ઉપલબ્ધ છે. સરકારી માહિતીને ભાષાંતર કરવા તમે મોબાઇલ ફોનની એપ અને બ્રાઉઝરનું એક્સ્ટેન્શન વાપરી શકો છો. તમારી જરૂરિયાતો સંતોષી શકે તેવું એક શોધશો.*

*અંગ્રેજીમાં વધુ માહિતી માટે, www.australia.gov.au ની મુલાકાત લેશો.*